Letter No: WCDD/0301/10/2023 Dt: 25-10-2023

નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને આધિન
મુખ્ય સેવિકાને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ
અંગે હુકમ

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
હુકમ ક્રમાંક : WCDD/ICD/e-file/23/2023/1267/Legal Cell
સચિવાલય, ગાંધીનગર.
તા. 26-10-2023

વંચાણે લીધા

1. નામ ગુજરાત હાઈકોર્ટના સ્પે.સી.એ.નં.8514/2019 વીથ 8519/2019 ના તા.૧૯-૧૦-૨૦૨૨ ના રોજ નું જજમેન્ટ.
2. નામ.ગુજરાત હાઈકોર્ટના સ્પે.સી.એ.નં. ૫૦૭૧/૨૦૧૯ તથા ૫૫૨૬/૨૦૨૧ ના કેસ ૧૫.૦૭.૨૦૨૨ તથા ૦૩.૦૮.૨૦૨૨ ના રોજ ના ચુકાદાઓ
3. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૩૦.૧૧.૨૦૧૧નો હુકમ ક્ર: આઈસીડી-૧૦૨૦૧૧-૪૬૩૦૯-બ
4. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૪.૦૮.૨૦૨૦નો હુકમ ક્ર: આઈસીડી-૧૦૨૦૨૦-૪૨૭-બ૧
5. નાણા વિભાગનો ઉચ્ચતર પગાર ધોરણ અંગેનો ઠરાવ : પગર-૧૧૯૪-૪૪-મ. તા.૧૬.૦૮.૧૯૯૪
6. નાણા વિભાગને ઉચ્ચતર પગાર ધોરણ બાબતે સંકલિત સૂચનાઓ : પગર-૧૦૨૦૧૫-૬૦૫૫૧૫-મ. તા.૩૦.૦૯.૨૦૧૫
7. નિયામકશ્રી, આઈસીડીએસ કચેરીની તા.૨૧.૧૦.૨૦૨૩ની ઉ.પ.ધો. પરત લેવા બાબતની દરખાસ્ત

પ્રસ્તાવના

વંચાણે લીધા (૧) પ્રસ્તુત કેસનો ચુકાદો તથા (૨) નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ ધ્યાને લઈ સમાન પ્રકારે પ્રસ્તુત કેસના અરજદારોને નિવૃતિના લાભો પેન્શન સુધારા તથા આનુષાંગિક લાભો ચુકવવા આદેશ કરેલ છે. ચુકાદાનો ઓપરેટીવ પાર્ટ :"Accordingly, in view of the above, the present petitions shall also be governed by the both the Judgments of this Court dated 15.07.2022 passed in Special Civil Application No.5170 of 2019 and dated 03.08.2022 passed in Special Civil Application No.5526 of 2021 and allied matters referred hereinabove and is disposed of in the same terms. On re-fixation of pay based on such benefits and on revision of pension to the retired employees, the terminal benefits and the consequential benefits together with arrears shall be paid to the petitioners within 12 weeks from the date of receipt of the writ of the order of this court."

(૩) હુકમ અન્વયે ૦૯ વર્ષ પૂર્ણ થયા તારીખથી મુખ્ય સેવીકા વર્ગ-૩ ને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં આવેલ હતુ. વંચાણે લીધા (૪) પરના હુકમથી સદર મુખ્ય સેવીકાનું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રીવાઇઝ કરવામાં આવેલ. વંચાણે લીધા (૫) અને (૬) પરના નાણા વિભાગના ઉચ્ચતર પગાર ધોરણ યોજના અંગેના ઠરાવની જોગવાઈ કલોઝ ૩(૨૦) મુજબ "જ્યારે કર્મચારીને બઢતી મળવા પાત્ર થાય અને જો તે તેનો અસ્વીકાર કરશે તો ઉચ્ચતર પગાર ધોરણ યોજનાનો લાભ તેણે જતો કરવો પડશે" જે અન્વયે વંચાણે લીધા (૭) પરના પત્રથી બઢતીનો અસ્વીકાર કરતા મુખ્ય સેવિકાઓના ઉચ્ચતર પગાર ધોરણ પરત લેવાની દરખાસ્ત મળેલ છે. શ્રી ભાનુબેન દ્વારા કુલ ત્રણ વાર બઢતીનો અસ્વીકાર કરેલ છે, આથી સરકારશ્રીના ૧૯૯૪ ની જોગવાઈ મુજબ કોઈપણ કારણસર અસ્વીકાર કરનાર કર્મચારીને ઉચ્ચતર પગાર ધોરણની યોજનાના લાભો જતા કરવા સાથે મુળ નીચલા પગાર ધોરણમાં હટાવવામાં આવશે.

હુકમ

સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ ફરજ બજાવતા નીચે મુજબના મુખ્ય સેવિકાઓએ બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ માં મળેલ બઢતીનો અસ્વીકાર કરેલ હોવાથી તેઓને વંચાણે લીધા(૨) નામ.કોર્ટના ચુકાદા સમાન ધ્યાને લઈ ન શકાય આથી શ્રી ભાનુબેન મળેલ ઉચ્ચતર પગાર ધોરણ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહી.

| ક્રમ | મુખ્ય સેવિકાનું નામ | જિલ્લાનું નામ | બઢતીના અસ્વીકાર કર્યાની તારીખ |
|---|---|---|---|
| ૧ | શ્રીમતી ભાનુબેન એમ. ચૌધરી | છોટાઉદેપુર | ૦૭-૦૪-૨૦૦૩ |

૨. ઉપર મુજબના મુખ્ય સેવિકાઓને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળેલ ન હોત તો તેન મૂળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોય તે પગાર તે મેળવશે.

૩. બઢતીના અસ્વીકાર કર્યાની તારીખ સુધીના સમયગાળા માટે તેઓએ ઉચ્ચતર પગાર ધોરણમાં પગાર અને ભથ્થા મેળવ્યા હોય તો તે રકમની વસૂલાત કરવાની રહેશે નહિ. પરંતુ પ્રથમ બઢતીના અસ્વીકાર કર્યાની તારીખ બાદના સમયગાળા દરમ્યાન કોઈ ચુકવણુ કરવામાં આવેલ હોય તો તેની તાત્કાલિક અસરથી વસુલાત કરવાની રહેશે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૨-૧૦-૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી તેમજ વિભાગના સચિવશ્રીની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

Letter No: WCDD/0301/10/2023 Dt: 25-10-2023

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે આઈ. લેઉવા)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

૧. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૨. નિયામકશ્રી,આઇસીડીએસ, કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૩. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ. છોટાઉદેપુર.

૪. પ્રોગામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ. છોટાઉદેપુર.

૫. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

૬. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૭. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

૮. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ. છોટાઉદેપુર.

૯. સંબંધિત કર્મચારી/અધિકારી, મારફતે પ્રોગ્રામ અધિકારીશ્રી, જિ. છોટાઉદેપુર

૧૦. શાખા સિલેક્ટ ફાઈલ.